# અરવલ્લી જિલ્લામાં સૂર્યનારાયણનુ રોદ્ર સ્વરૂપ

## મોડાસામાં ૪૩.૫ ડીગ્રી તાપમાન : જિલ્લાવાસીઓ ગરમીમાં શેકાયા

મોડાસા, તા. ૨૮

ઉનાળાના પ્રારંભે શરૂ થયેલા હીટવેવ વચ્ચે મંગળવારે બપોરે લઈ વાતાવરણ અગનભઠ્ઠી જેવુ બન્યુ હતુ. માર્ગો ઉપરથી પસાર થતા વાહનો પર રીતસર અંગ દઝાડતી ગરમીનો અહેસાસ સૌએ કર્યો હતો. પશુ પંખીઓની હાલત કફોડી બની હતી. લોકોએ કામ વગર ઘરની બહાર નીકળવાનુ ટાળ્યું હતું.



ઉત્તર પશ્ચિમના પવનોના કારણે રાજસ્થાનમાં સક્રિય થયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને લઈ રાજ્યમાં ગરમીનો પારો વધવા અંગે હવામાન ખાતાએ આગાહી કરી છે. બે દિવસથી ઉનાળાના પ્રારંભે જ ગરમીના પ્રકોપ રૂપી મોજુ ફરી વળ્યુ છે. જેની અસર મંગળવારે અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરમાં જોવા મળી હતી. મોડાસામાં તાપમાન ૪૩.૫ ડિગ્રીએ પહોંચતા આકાશમાંથી રીતસરના અગનગોળા વરસતા હોય તેવુ જીલ્લાવાસીઓ અનુભવ્યુ હતુ.

કાળઝાળ ગરમી વચ્ચે ગરમ લ્હાય પવનોના કારણે માર્ગો બપોરે સુમસામ બન્યા હતા. આકાશમાંથી અગનગોળા વરસતા હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. ગ્રામ્ય વિસ્તારો, ધોરીમાર્ગો સહિત શહેરોના રસ્તાઓ સૂમસામ બન્યા હતા. ગરમીના પ્રકોપથી બચાવવા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તાપથી બચવા ઝાડ અને વૃક્ષોનો સહારો મેળવી તાપથી રક્ષણ કરતા નજરે ચડતા હતા. ગરમીના પ્રકોપ વચ્ચે પશુપંખીઓની હાલત કફોડી બની હતી.

ઉનાળાના પ્રારંભે જ મોડાસાવાસીઓએ ગરમીના રોદ્ર સ્વરૂપનો ૪૩.૫ ડીગ્રી તાપમાન સાથે અહેસાસ કર્યો હતો. શહેરીજનોએ કામ સિવાય ઘરની બહાર નહી નિકળવાનુ મુનાસિબ માન્યુ હતુ. ગરમીના પ્રકોપ વચ્ચે વિગેરેનો સહારો લઈ લૂ સામે રક્ષણ મેળવતા ઠેર ઠેર નજરે ચડતા સંભાવનાઓ હવામાન ખાતાના સુત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવી




મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં સૂર્યનારાયણે રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. મોડાસામાં તાપમાનનો પારો ૪૩.૫ ડિગ્રીએ પહોંચ્યો હતો. જેને સૌએ શેરડીનો રસ, ઠંડા પીણા, આઈસક્રીમ, લીંબુનો રસ હતા. ૩૧ માર્ચ સુધી ગરમીના પ્રમાણમાં વધારો થવાની હતી. જેની કલ્પના વચ્ચે લોકો પ્રભાવિત થઈ ગયા છે.

## લાલાકુપા ગામે પાકા રોડથી પ્રાથમિક શાળા જતો માર્ગ પાકો બનાવવા ઉચ્ચ કક્ષાએ રજુઆત

મેઘરજ, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના લાલાકુપા ગામે ગતિશીલ ગુજરાતની વરવી વાસ્તવિકતા સામે આવી છે જેમાં પાકા રોડથી પ્રા. શાળા તરફ જતો રસ્તો આઝાદી કાળથી આજદિન સુધી પાકો ના બનતા શાળામાં જતા નાના નાના વિદ્યાર્થીઓ અને પ્રજાને ભારે મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવ્યો છે જેથી ગ્રામજનોએ કાચો માર્ગ તાકિદે પાકો બનાવવા ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે.

મેઘરજના લાલાકુપા ગામે પાકા રોડથી પ્રા. શાળા તરફ જતો માર્ગ



છેલ્લા કેટલાય વર્ષથી કાચો છે અને ચોમાસા દરમિયાન આ કાચા માર્ગ વચ્ચે આવતા વાંઘામાં અને કાચા રસ્તા ઉપર ઢીંચણ સમા પાણી ભરાતા હોવાથી પ્રા. શાળામાં ભણવા જતા નાના ભુલકાઓના જીવને મોટુ જોખમ ઉભુ થાય છે. ગામ લોકોએ ઉચ્ચ કક્ષા સુધી કરેલ રજુઆતમાં જણાવ્યું હતું કે નાના વિદ્યાર્થીઓને શાળામાં આવવા જવા માટે અને ખેડૂતોને પણ ખેતરમાં આવવા જવા માટે ફક્ત આ એક જ માર્ગ હોવાથી અને એ પણ વર્ષોથી કાચો હોવાથી પારાવાર મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને વધુમાં જણાવ્યું હતું કે અમો આ માર્ગ પાકો બનાવવા માટે વારંવાર રજુઆતો કરી હોવા છતાં આ કાચા માર્ગના સમસ્યાનું કોઈજ નિરાકરણ આવતુ નથી અને જો આ માર્ગ ટુંક સમયમાં તંત્ર દ્વારા પાકો બનાવવામાં ન આવે તો આગામી સમયમાં અમો સૌ ગામ લોકો તાલુકા પંચાયત કચેરી આવી આંદોલનની ચીમકી ઉચ્ચારીશુ તેવું પણ તેમણે ઉચ્ચ કક્ષાએ કરેલ રજૂઆતમાં જણાવ્યું હતું. જેથી તંત્ર દ્વારા પાકા રોડથી લાલાકુપા પ્રા. શાળા તરફ જતો કાચો માર્ગ તાકિદે પાકો બનાવવામાં આવે તેવી ગ્રામજનોની ઉગ્ર માંગ છે.

# અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુનો પગપેસારો

## મોડાસાના ગઢા ગામની મહિલા સ્વાઈન ફલુના ઝપેટે ચઢી : આરોગ્યતંત્રમાં દોડધામ

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગઢા ગામની એક મહિલાને સ્વાઈન ફલુ પોઝેટીવ આવતા તંત્ર દોડતુ થઈ ગયુ છે. મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધા પછી પણ મહિલાની તબીયત લથડતા તાબડતોડ મહિલાને અમદાવાદ ખસેડાઈ હતી. જ્યાં તબીબે મહિલાને સ્વાઈન ફલુના લક્ષણો દેખાતા લેબોરેટરી પરીક્ષણ કરાવતા મહિલાનો એચ-૧, એન-૧ ટેસ્ટ પોઝેટીવ આવતા શંકાસ્પદ સ્વાઈન ફલુ જણાતા તાત્કાલીક મહિલાને આઈશોલેશન વોર્ડમાં ખસેડી સઘન સારવાર હાથ ધરી હતી. અરવલ્લી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ગઢા ગામ અને તેના પરિવારજનો સહિત આસપાસના વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી મહિલાના પરિવારજનોની લોહી પરીક્ષણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે જિલ્લામાં સ્વાઈનફલુએ ખાસ દેખા દીધી ન હતી. સામાન્ય રીતે શિયાળામાં માથુ ઉંચકતો સ્વાઈન ફલુના જિલ્લામાં શિયાળા દરમિયાન એક પણ કેસ નોંધાયો ન હતો. અત્યારે જિલ્લામાં ઉનાળો દસ્તક દઈ રહ્યો છે. ત્યારે મોડાસા તાલુકાના ગઢા ગામે એક મહિલાને સ્વાઈન ફલુ પોઝેટીવ આવતા તંત્રની નીંદર હરામ થઈ ગઈ છે.

તાજેતરમાં મહિલાને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલતી હતી પરંતુ મહિલાની તબીયત લથડતા અમદાવાદ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેને સ્વાઈન ફલુના લક્ષણો જોવા મળતા તેનો રિપોર્ટ કરાવવામાં આવ્યો હતો. સ્વાઈન ફલુ પોઝેટીવ આવતા અમદાવાદ હોસ્પિટલમાં મહિલાને આઈશોલેશન વોર્ડમાં ખસેડી તબીબોએ સઘન સારવાર હાથ ધરી હતી. ગઢા ગામની મહિલાને સ્વાઈન ફલુ પોઝેટીવ હોવાનુ જિલ્લા આરોગ્ય અધિકારીને જાણ થતા તાબડતોબ આરોગ્ય વિભાગની ટીમો બનાવી છેલ્લા બે દિવસથી ગામમાં ધામા નાખી પરિવારજનોને શારીરિક તપાસ હાથ ધરી લોહીના નમૂના મેળવી તેમને સ્વાઈન ફલુની અસર થઈ છે કે નહિ તે જાણવા પરીક્ષણમાં લોહીના નમૂના મોકલી આપ્યા હતા. જો કે હાલ પુરતા ગઢા ગામ કે આજુબાજુના વિસ્તારમાંથી કોઈ શંકાસ્પદ કેસ મળી નહિ આવતા તંત્રે રાહતનો શ્વાસ લીધો છે.





## મોડાસાના સરડોઈમાં મફત નેત્રયજ્ઞ કેમ્પમાં ૧૫ ગામોના ૫૫૨ દર્દીઓએ લાભ લીધો

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના સડોઈ ગામે યોજાયેલા મફત નેત્રયજ્ઞ કેમ્પમાં ૧૫થી વધુ ગામોના જરૂરિયાતમંદ લોકોએ લાભ લીધો હતો. જેમાં ૫૫૨ દર્દીઓના આંખની તપાસ કરવામાં આવતા મોતીયાના ૭૮ કેસ મળી આવ્યા હતા. જે પૈકી ૫૦ દર્દીઓને મફત મોતીયાના ઓપરેશન માટે મોકલી અપાયા હતા. સ્વ. મણીબેન ન્હાલચંદ શાહના સ્મરણાર્થે તેમના પરિવારના સહયોગથી અને સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ મફત નેત્રયજ્ઞ કેમ્પમાં ૩૯૨ દર્દીઓના નિઃશુલ્ક નંબર ચકાસી આપીને તમામને મફત ચશ્મા પણ આપવામાં આવ્યા હતા. આ વિસ્તારના અંતરિયાળ ગામોના જરૂરિયાતમંદ લોકોને આ કેમ્પ આશીર્વાદ સમાન નીવડ્યો હતો. જેમાં આંખોના નિષ્ણાંત તબીબોએ સેવાઓ આપી હતી. તેમ શશિકાન્તભાઈ એન. શાહે જણાવ્યુ હતુ.

## આ પણ વાંચીએ...

### ● માત્ર ૫૦ હજારમાં ગામના માલિક બનો

જો તમે ઘર ખરીદવા માટે વર્ષોથી પૈસા એકઠા કરી રહ્યા હોવ તો આ ઓફર સાંભળીને તમે ચોક્કસ ચોંકી જશો. તમે ૫૦ હજાર રૂપિયામાં એક ઘર નહી પરંતુ એક આખુ ગામ ખરીદી શકો છો. તેવી ઓફર હંગેરીમાં મુકવામાં આવી છે. હંગેરીની રાજધાની બુડાપેસ્ટથી ૨૦૦ કી.મી. દૂર આવેલ એક ગામ 'મેગયર'ની આર્થિક હાલત ખુબ જ ખરાબ થઈ ચુકી છે. ગામની આર્થિક હાલત સુધારવા માટે મેયરે એક અનોખી તરકીબ શોધી કાઢી અને આખા ગામને ભાડે આપવાનો નિર્ણય કરાયો. જેનું ભાડુ ૫૦ હજાર નક્કી કરાયું છે.



### ● સૌથી મોંઘી સ્કૂલ જેની ફી છે અધધ ૧ કરોડ ૩૫ લાખ

આજકાલ શાળાઓમાં પ્રવેશની સીઝન ચાલી રહી છે ત્યારે દુનિયાની સૌથી મોંઘી સ્કૂલની ફી સાંભળીને ચોંકી જવાશે. સ્વીટ્ઝરલેન્ડમાં ઈન્ટરનેશનલ બોર્ડિંગ સ્કૂલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ લે રોજે ના નામથી ઓળખાતી આ સંસ્થામાં એક વિદ્યાર્થીનો ખર્ચ અંદાજે રૂ. ૧ કરોડ ૩૫ લાખ રૂપિયા છે. અહીં દુનિયાભરના ધનાઢ્યો અને રાજવી પરિવારના બાળકો અભ્યાસ કરવા આવે છે.

### ● બાવન લાખમાં વેચાઈ ભંગારમાં પડેલી ઘડીયાળ

ઈંગ્લેન્ડના એક વ્યક્તિને ભંગારમાં પડેલી એક ઘડીયાળે રાતોરાત લખપતિ બનાવી દીધી. આ ઘડીયાળ બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન ઈટાલીયન નેવી ડાઈવર્સે ઘડીયાળ વેચનાર વ્યક્તિના પિતાને આપી હતી. સાફસફાઈ દરમ્યાન તે મળી આવી હતી. આ ઘડીયાળની જ્યારે હરાજી થઈ ત્યારે તેની કિંમત ૫૨ લાખ રૂપિયા સુધી પહોંચી ગઈ. કારણ કે આ ઘડિયાળ ખાસ નેવી ડાઈવર્સ માટે રીલેક્સ કંપનીએ બનાવી હતી. જે તે વખતે રોલેક્સ કંપનીએ તેના માત્ર ૩૬૩૬ નંગ બનાવ્યા હતા. આ ઘડિયાળ તે પૈકીની એક છે.



# મોદીના શાસનમાં શક્તિશાળી ભારતનું નિર્માણ : હરી ચૌધરી

અમદાવાદ,તા. ૨૮

કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ રાજયમંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ભારતને વૈશ્વિક ગૌરવભર્યું સ્થાન અપાવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનમાં વિકસિત અને શક્તિશાળી ભારતનું નિર્માણ થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, વિકાસ અને સુશાસનના ફળ દેશભરના છેવાડાના વ્યક્તિઓ અને વિસ્તારો સુધી સરળતાથી પહોંચી રહ્યા છે. પરિણામે પ્રજા આનંદ અને ગૌરવ અનુભવે છે.

તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠલ રાજ્ય સરકાર દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે, પાલનપુર મુકામે પાસપોર્ટ ઓફિસ બનવાથી બનાસકાંઠા જિલ્લાના લાખો લોકોને ઘર આંગણે પાસપોર્ટ મેળવવાની સુવિધા ઉપલબ્ધ બની છે. જેનાથી ઉત્તર ગુજરાતના લોકોને પણ લાભ થશે. તેમણે કહ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણ સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. ઠેર ઠેર શિક્ષણની વ્યાપક સુવિધા ઉપલબ્ધ બનાવાઈ છે. તેમણે કહ્યું કે સેવા સેતુ અને પ્રગતિ સેતુ કાર્યક્રમોથી લોકોના લાખો પ્રશ્નોનું ઝડપભેર અને સંતોષકારક નિરાકરણ લાવી શકાયું છે. આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, બનાસકાંઠા જિલ્લાને વિકાસની અનેક ભેટો આપણા લોકપ્રિય અને યશસ્વી મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અપાવી છે.

તેમણે કહ્યું કે, બનાસકાંઠાનું પછાતપણાનું કલંક હવે કાયમ માટે દૂર છે. તેમણે કહ્યું કે, પાલનપુરમાં પાસપોર્ટ સેવા કેન્દ્ર શરૂ થતાં અભ્યાસ માટે વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ઘર આંગણે જ પાસપોર્ટ મેળવવાની સુવિધા ઉપલબ્ધ બની છે. તેમણે કહ્યું કે, ટપક અને ફુવારા પદ્ધતિ અપનાવવામાં બનાસકાંઠા રાજ્યમાં મોખરે છે. બનાસકાંઠા જિલ્લાને મેડિકલ કોલેજ ફાળવવા બદલ મંત્રી ચૌધરીએ મુખ્યમંત્રીનો આભાર માન્યો હતો.

## શ્રેણી જીતી

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવી લીધી હતી. ગઈકાલે ચોથા દિવસે ભારતીય બોલરોએ જોરદાર દેખાવ કર્યો હતો. જેના લીધે ઓસ્ટ્રેલિયન ટીમ તેના બીજા દાવમાં માત્ર ૧૩૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી ઉમેશ યાદવ, રવિન્દ્ર જાડેજા અને રવિચંદ્ર અશ્વિને ત્રણ ત્રણ વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી બીજા દાવમાં તમામ બેટ્સમેન ફ્લોપ રહ્યા હતા. મેક્સવેલે સૌથી વધુ ૪૫ રન કર્યા હતા પરંતુ બાકીના બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. ડેવિડ વોર્નર સમગ્ર શ્રેણીમાં અપેક્ષા કરતા ખૂબ નબળો રહ્યો છે. વોર્નર માત્ર ૭ રન કરીને આઉટ થયો હતો. તે પ્રથમ ઈનિંગ્સમાં ૫૬ રન બનાવી શક્યો હતો પરંતુ લાંબી ઈનિંગ્સ રમવામાં આ શ્રેણીમાં તે નિષ્ફળ ગયો છે. ઓસ્ટ્રેલિયા તેના બીજા દાવમાં ૧૩૭ રન બનાવીને ઓલઆઉટ થઈ ગયા બાદ ભારત સામે જીતવા માટે ૧૦૬ રનનો લક્ષ્યાંક આવ્યો હતો. ગઈકાલે બનાવી લીધેલા ૧૯ રનથી આગળ રમતા ભારતે ૪૬ રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. પરંતુ ત્યારબાદ રાહુલ અને રહાણેએ કોઈ તક ઓસ્ટ્રેલિયન બોલરોને આપી ન હતી. ઓસ્ટ્રેલિયા સામે નિરાશાજનક શરૂઆત કર્યા બાદ એમ માનવામાં આવી રહ્યું હતું કે ભારતીય ટીમ વાપસી કરી શકશે નહીં પરંતુ આજે આ ટેસ્ટ મેચમાં ત્રીજા દિવસે ભારતીય બોલરો છવાયેલા રહ્યા હતા. ઓસ્ટ્રેલિયન ટીમ ૫૩.૫ ઓવર સુધી જ બેટીંગ કરી શકી હતી. ચમત્કારીક રીતે ઓસ્ટ્રેલિયન ટીમ માત્ર ૧૩૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જેથી આ ટેસ્ટ મેચ ભારતના હાથમાં આવી ગઈ હતી. રવિન્દ્ર જાડેજાનો દેખાવ ખૂબ જોરદાર રહ્યો હતો. રવિન્દ્ર જાડેજા આ સિઝનમાં બીજો સૌથી વધારે વિકેટ લેનાર બોલર તરીકે ઉભરી આવ્યો છે. આ સિઝનમાં ભારત માટે સતમી વિકેટની સરેરાશ ભાગીદારી નોંધાઈ ચુકી છે. આ પહેલા જેએસસીએ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચ ડ્રોમાં પરિણમી હતી. રાંચીના મેદાન પર રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે જ કેટલાક રેકોર્ડ સર્જાયા હતા.

## જીએસટી લાગશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક્સાઈઝ ટેક્સ, સર્વિસ ટેક્સ અને સ્ટેટ વેટ જેવા તમામ પરોક્ષ કરવેરાને લઈને સામેલ કરવામાં આવશે. સેન્ટ્રલ જીએસટી મુજબ કોઈપણ પ્રકારના લીઝ, ભાડા, જમીન પર કબજા માટે લાયસન્સ ઉપર જીએસટી લાગૂ થશે. બિલમાં આને સેવાની જરૂરિયાત તરીકે ગણવામાં આવે છે. આ ઉપરાંત કોઈપણ ઈમારતને સંપૂર્ણપણે અથવા તો અડધા હિસ્સાને લીઝ ઉપર આપવાને લઈને જીએસટી લાગૂ થશે. આ ટેક્સ આવાસ અને ઔદ્યોગિક ક્ષેત્રની ઈમારતો ઉપર લાગૂ થશે. બિલમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જમીન અને ઈમારત (જે નિર્માણ હેઠળ નથી)ના વેચાણ ઉપર જીએસટી હેઠળ કોઈ ટેક્સ લાગૂ થશે નહીં. આને સપ્લાય ઓફ ગુડ્ઝની હદમાં રાખવામાં આવશે. ટેક્સ નિષ્ણાતોનું કહેવું છે કે, વર્તમાન સર્વિસ ટેક્સની વ્યવસ્થા હેઠળ કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ યુનિટમાં ભાડા ઉપર કરવેરા લાગૂ થાય છે. ટેક્સ નિષ્ણાતોનું કહેવું છે કે, નવી વ્યવસ્થાને લઈને ગણતરીનો દોર શરૂ થઈ ચુક્યો છે. પહેલી જુલાઈથી જમીન ભાડાપટ્ટે, ઈમારતોને ભાડે આપવા અને નિર્માણ હેઠળ આવાસોની ખરીદી માટે ચુકવવામાં આવતા ઈએમઆઈ ઉપર જીએસટી લાગૂ થશે. આનો મતલબ એ થયો કે સામાન્ય લોકો ઉપર વધારે બોજ આવશે. જો કે, જમીન અને ઈમારતોના વેચાણને જીએસટીની સમીક્ષાથી બહાર રાખવામાં આવ્યા છે. નવા પરોક્ષ કરવેરા વ્યવસ્થાને ટૂંક સમયમાં જ અમલી કરવામાં આવનાર છે. આ પ્રકારની લેવડદેવડ સ્ટેમ્પ ડ્યુટી આકર્ષિત કરવા માટે જારી રહેશે. નાણામંત્રી અરુણ જેટલી દ્વારા લોકસભામાં મંજુરી માટે ગઈકાલે આ બિલ રજૂ કરવામાં આવ્યું હતું. ઈલેક્ટ્રીસિટી પણ જીએસટીની સમીક્ષાથી બહાર છે.

## હિટવેવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આગામી બે દિવસ સુધી લોકોને ગરમીથી કોઈપણ રાહત નહીં મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. હવામાન વિભાગનું કહેવું છે કે, મહત્તમ તાપમાન હજુ પણ વધી શકે છે. મહત્તમ તાપમાન વધવા માટે કેટલાક પરિબળો પણ જવાબદાર દેખાઈ રહ્યા છે. સૌરાષ્ટ્ર, કચ્છ તથા ગુજરાત પ્રદેશમાં તીવ્ર ગરમીનું મોજુ ફરી વળશે તેવી ચેતવણી બાદ તંત્ર સાવધાન થઈ ગયું છે. હાલમાં જુદી જુદી સંસ્થાઓ દ્વારા વધતી ગરમી વચ્ચે લોકોના માટે પીવાના પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. મહત્તમ તાપમાનમાં એકાએક તીવ્ર વધારો નોંધાતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આગામી ૪૮ કલાકમાં હિટવેવની ચેતવણી જારી કરવામાં આવી હોવાથી મહત્તમ તાપમાનમાં વધારો થઈ શકે છે. બીજી બાજુ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાની સ્થિતિ વચ્ચે પણ ગરમી વધતા તેની અસર જોવા મળી શકે છે. અમદાવાદ શહેર અને રાજ્યમાં હાલમાં મિશ્ર વાતાવરણનો અનુભવ લોકો કરી રહ્યા છે. એકાએક ગરમીના પ્રમાણમાં તીવ્ર વધારો થતા જનજીવન ઉપર તેની અસર જોવા મળી રહી છે. આજે બપોરના ગાળામાં રસ્તા સુમસામ બન્યા હતા. કામ વગર લોકો બહાર નીકળ્યા ન હતા. રાજ્યભરમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફારનો દોર જારી રહેતા સામાન્ય લોકો પરેશાન થયેલા છે. વધતી જતી ગરમીની સિઝનમાં હવે પેટમાં દુખાવાની ફરિયાદ વધારે રહી શકે છે. અન્યત્ર વિસ્તારોમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં એક અથવા બે ડિગ્રીના તાપમાનની સ્થિતિ રહી હતી.

## વપરાશ વધ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસોથી જ ઉપર ચઢતા પાણીનો વપરાશ વધી ગયો છે. જયારે પાણીના સપ્લાયમાં હજુ સુધી વધારો કરાયો નથી. હાલ શહેરના નવા સેકટરોમાં રોજ ૨૧ એમ એલ ડી પાણી આપવામાં આવે છે. જયારે જુના સે-૧૪ થી ૩૦ સેકટરોમાં ૨૫ એમ એલ ડી પાણીનો સપ્લાય આપવામાં આવે છે. જયારે ગરમીની ઋતુને ધ્યાને લઈ પાણીના વપરાશ મુજબ પાણી પુરવઠાનો સપ્લાય ૧૦ એમ એલ ડી વધારવામાં આવે છે. તંત્ર દ્વારા શહેરને પુરા પાડવામાં આવતા પાણી પુરવઠામાં હજુ સુધી કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. બીજીતરફ વધતી ગરમી વચ્ચે પાણીના વધતા વપરાશ વચ્ચે સપ્લાય વધારવાની પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

## શિરદર્દ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આડા દિવસોમાં પણ આર ટી ઓ કચેરીમાં અરજદારોએ કામ માટે ધક્કે ચઢવાનો વારો આવે છે.ત્યારે નવા સાફટવેરનુ ઈન્સ્ટોલેશન પણ અરજદારો માટે શિરદર્દ સમાન બન્યુ હતુ. વાહન ફોરની કામગીરીના લીધે છેલ્લા નવ દિવસથી લાયસન્સ સિવાયની સઘળી કામગીરી બંધ રહેતા અરજદારોના કામ અટવાયા હતા. જયારે હજુ પણ નવુ સોફટવેર કાર્યરત થયા બાદ પણ વાહન નોંધણી તેમજ ટ્રાન્સફરની કામગીરી વધુ જટીલ બની હોવાની બુમ ઉઠવા પામી છે.

## નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

બતાવવાને લાયક રહીશ નહીં.'

આપણા વડવાઓ સિંધમાંથી આવ્યા ત્યારે શું લઈને આવેલા? પૈસા તો આજ છે ને કાલે નથી. હાથનો મેલ કહેવાય છે. મહેનત કરવાથી ઘણું કમાઈ શકાય છે. ચાંદલો કે દહેજ મળશે તેનાથી કંઈ જિંદગી જવાની નથી.' સારું ત્યારે હવે હું જાઉં છું. પણ મારી વાત અંગે ખૂબ ગંભીરતાથી વિચારજે અને જો સાચી લાગી તો તેનો અમલ કરજે, નહીંતર તારે મનમાં આવે એમ કહજે. ભલે ત્યારે...

ખુશાલ, મૈત્રીભાવ દર્શાવી ઉતાવળે પોતાના ઘર તરફ જવા રવાના થયો.